# 'પ્રકૃતિપર્વ' : નિજી અનુભવોની નિસર્ગલીલા | ડૉ. મહેન્દ્ર નાઈ

[**'પ્રકૃતિપર્વ'** : લે. ભગીરથ બ્રહ્મભટ્ટ, પ્રકા. રન્નાદે પ્રકાશન, અમદાવાદ, પ્ર. આ. ૨૦૦૮, કિં. રૂ. ૭૦/-]

ડૉ. ભગીરથભાઈ બ્રહ્મભટ્ટ 'શબ્દના સાધક' છે, આરાધક છે. 'માનવતાનાં ભેરુ'થી ખાસ્સા ઓળખાયા – પોંખાયા છે. લલિતનિબંધની ભોંય પર પ્રથમ ડગલું માંડતા 'પ્રકૃતિપર્વ' લઈને આવે છે. આ સંગ્રહના નિબંધોમાં 'પ્રકૃતિ' સાથેનો પનારો નિબંધકારનો 'વિશેષ' બનીને આવ્યો છે. નિબંધકાર નિવેદનમાં નોંધે છે : 'આમ તો અહીં એક તરફ પ્રકૃતિ છે, તો બીજી બાજુ વસ્તુઓ છે. બંને વિષયોમાં ઇન્દ્રિયો દ્વારા અનુભવાતાં સંવેદનોની એક અનુભૂતિનું આલેખન છે.' (નિવેદન) 'પ્રકૃતિપર્વ' ઊજવવાનું શું કારણ ? નિબંધકાર લખે છે : 'માણસ પ્રકૃતિ અનુસાર જીવતો જ નથી. જીવવા માટે એ પ્રકૃતિને આદર્શ માનતો નથી. પ્રકૃતિ પ્રમાણે જીવી શકતો નથી. કાં તો એને ઊંચે ચડવું છે અથવા નીચે વિકૃતિમાં ગબડવું છે. મોટેભાગે તો માણસ વિકૃતિ તરફ ધકેલાઈ રહ્યો છે. સંસ્કૃતિનો દાવો કરીને વિકૃત બનવાનો માણસનો આ ઉપક્રમ ખરેખર કેવી વિડંબના સર્જે છે ? માણસ પ્રકૃતિથી દૂર જઈને શું સિવિલાઇઝેશન (સભ્યતા) અને કલ્ચર (સંસ્કૃતિ)ની દિશા તરફ જઈ રહ્યો છે ? કેવળ ભોગવવું – ભોગવિલાસ માણવો એ ભોગવવા માટે પ્રકૃતિનો ભોગ લેવો પડે તો લેવો પડે એ આજના માણસનું લક્ષ્ય છે.' (પૃ. ૫૫-૫૭) અહીં 'પ્રકૃતિપર્વ'નાં નિબંધોનો 'સમ્બન્ધ' પણ જોવા-જાણવા મળે છે.

'પ્રકૃતિપર્વ' નિબંધસંગ્રહમાં કુલ અઠ્ઠાવીસ નિબંધ છે. જેમાં શિયાળો-ઉનાળો-ચોમાસું – પેટાઋતુઓ – ઋતુઓનો ઠાઠમાઠ, ઋતુઓની ઋત લીલાઓ આલેખાઈ છે. જેમાં ગામગંધ છે, લીમડાની માયા છે, લીમડાની સૌ ડાળ મીઠી છે, શરદ અને શિશિર છે, ધાબળા-તાપણાં-પતંગપર્વ છે, ઉનાળાનો આતંક છે, પ્રભાવ છે, આશ્ચર્ય છે. તડકાનો મંડપ છે, તો તડકાની તસવીરો છે. અષાઢનો પગરવ છે – અષાઢની બીજી બાજુ છે. શ્રાવણી રંગની જાજમ છે, છાલક છે. ભાદ્રપદની પગલીઓ છે, ભરપૂર ભાદરવો પણ છે. વરસતો વરસાદ અને પાછોતરો વરસાદ છે. જળજોગણ છે, તો સ્મૃતિમાં સચવાયેલાં ચોમાસાનો સ્વાદ છે, વિદાય લેતા વરસાદને પત્ર પણ છે.

'ગામગંધ અને હું' નિબંધમાં પોતાના ગામ સાથેનાં સંસ્મરણો 'ગંધ' રૂપે વિસ્તરે છે. જેમાં ધૂપ-નૈવેદ્યની ગંધ, ભસ્મની ગંધ, હવાડાના પાણીની ગંધ, કાદવની ગંધ, ખાળકૂવાની ગંધ, બકરાઓની ગંધ, દાઝી ગયેલી ખીચડીની ગંધ, ઝઘડાની ગંધ, છીંકણીની ગંધ, કણજી-મહુડાની ગંધ, ગુવાર-મગ, તુવેરની ગંધ છે. આમ, અહીં ગામડાંની જિવાયેલી ક્ષણોને શબ્દસ્થ કરી છે. નિબંધકાર લખે છે : 'માણસોની ગંધ બદલાઈ છે, પ્રકૃતિ તો એવી ને એવી જ છે.' (પૃ. ૪) 'માણસોની ગંધ' બદલાઈ છે, એમાં 'માણસાઈ'નો ગ્રાફ નીચે ઊતર્યો છે, એવો ગર્ભિત સંકેત ભળાય છે. 'નિસર્ગલીલા'માં નિસર્ગનાં તત્ત્વો આકાશ, જળ, ફૂલ, પાન, ગરોળી, કીડી, અને માણસની લયલીલાને અહીં આકારે છે. સૃષ્ટિના ચૈતન્યમાં રહેલા રહસ્યને – અકળલીલાને વાચક સામે ખુલ્લાં કરી છે. સૃષ્ટિમાં રહેલા નિરાકારને આકાર આપવાનો યત્ન છે. કહો કે આકારનો – સાકારનો મહિમા કર્યો છે. જુઓ : 'આકારનાં આશ્વાસનો જ આપણને ટકાવે છે, નિભાવે છે. રૂપનાં સર્જનોમાં નિરાકારનો જે મહિમા પડ્યો છે એની જ વાત ઘણી મોટી છે.' (પૃ. ૭) પાંચ તત્ત્વોમાંના 'જળ તત્ત્વ' વિશે જળના જુદા જુદા પૉઝ આપણી સામે સરસ રીતે મૂક્યા છે. 'ચાતકની તૃષાતુર ઊઘડેલી મુખમુદ્રામાં ઝિલાતું જળ, ગુલાબની પાંખડીઓ પર ઝાકળ રૂપે ઠરેલું જળ... પ્રિયતમને ભેટવા જતું નદીનું જળ, સૌને પોતાનામાં સમાવી લેતું સાગરજળ... દર્શનીય કન્યાના ગાલ ઉપરના તલ જેવું તળાવ જળ... નિર્દોષ બાળકના હાસ્ય જેવું ઝરણાનું જળ... સંચેલા ઘરની નાળોમાંથી વાછટરૂપે ઊતરતું જળ... ભીંજવતું જળ અને કોરું જળ ! ખારું જળ અને મીઠું જળ. વહેતું જળ અને સ્થગિત જળ. જળ જાણે જીવનનો પર્યાય...' (પૃ. ૭) જળનાં જુદાં જુદાં રૂપ – જળનું મૂલ્ય અમૂલ્ય જતાવે છે. 'લીમડાની માયા' અને 'લીમડાની સૌ ડાળ મીઠી' નિબંધમાં 'લીમડા' પ્રત્યેની આત્મીયતા વ્યક્ત થઈ છે. અહીં નિબંધકારનો લીમડા સાથેનો 'અંગત નાતો' વ્યક્ત થયેલો જોઈ શકાય છે. તો લીમડા સાથેનાં સ્મરણઝુલાના હડદોલા પણ અહીં આલેખાયા છે. લીમડા સાથે વણાયેલ ભાઈ-બહેનના સંદર્ભને મૂકી નિબંધકાર લીમડા સાથેના ઓરમાયા વર્તનને પણ આલેખે છે. જુઓ : 'લીમડાની સ્થિતિ દીકરી જવી. આંબા જેટલી દરકાર લીમડાની કોઈએ ક્યારેય લીધી છે ?' (પૃ. ૧૪) ઘટાળો લીમડો જ્યારે કપાય છે ત્યારે, લીમડાને 'તાજી હજામત કરાવેલા બ્રાહ્મણ જેવો' (પૃ. ૧૯) કલ્પતાં નિબંધકારમાં લીમડા પ્રત્યેની મમતા જ વધુ જણાય છે. 'શિશિરનો ઉત્સવ', 'ઠંડીનો ઠાઠમાઠ', 'શરદની નાભિમાં ઠંડી', 'ધાબળાને તાપણાંને નહિ ગાંઠતો શિયાળો', 'તાપણે બેઠું જીવતર' વગેરે નિબંધોમાં શિયાળાનું સૌંદર્ય, શિયાળાનો ઠાઠમાઠ આલખાયાં છે. નિબંધકાર 'ઠંડીને સૃષ્ટિના વૈભવની મોંઘી મૂડી' (પૃ. ૨૩-૨૪) કહી શિયાળાના દિવસોનો સ્મૃતિ-પટારો ખોલી આપે છે. આ સંસ્મરણો વાચકને પણ શિયાળાના શૈશવના દિવસોમાં લઈ જાય છે. એવું એક સ્મરણ જુઓ : 'મને મારા બાળપણના દિવસો યાદ આવે છે, નિશાળે જતો કંપતો હું, દૂધ ભરાવવા ડેરીએ જતો ધ્રૂજતો હું, વહેલી સવારે બા ઊઠતાં ઠંડીથી ડરતાં ડરતાં, સિસકારા બોલાવતાં... ઠંડી ડરાવતી, ઠંડી લલચાવતી... ઠંડી પાસે બંને સદ્‌ગુણો છે. હું એ બંનેથી પરિચિત છું. ઠંડીથી ડરીને નિશાળે નહિ ગયાનાં પ્રમાણો છે. અને ઠંડીમાં હિંમત કરીને દોડવા જવાનું – વાંચવા ઊઠવાનાં દૃષ્ટાંતો પણ છે. બંને અનુભવોનાં કેન્દ્રમાં ઠંડી છે.' (પૃ. ૩૧) 'ઉનાળાનો આતંક', 'ઉનાળાનો પ્રભાવ', 'ઉનાળાનાં આશ્ચર્યો', 'તડકાનો મંડપ', 'તડકાની તસવીરો' વગેરે નિબંધોમાં ઉનાળાનું લેખકે જોયેલું-અનુભવેલું સંવેદન છે. અહીં 'છંછેડાયેલા ફણીધર' જેવા સૂર્યની શક્તિનો પરચો છે. તો, ઉનાળાનો પ્રભાવ-પ્રતાપ અને આશ્ચર્યો પણ અહીં છે. ઉનાળાના આતંકનું એક દશ્ય જુઓ : 'પ્રભાતમાં જ પરસેવો છૂટે છે ને સવારમાં સળગી રહ્યાનો અનુભવ થાય છે. બપોરે કેડીઓ ઉપર કરફ્યુ નંખાઈ જતો હોવા છતાં તડકાનાં તોફાનો સૌથી વધારે માત્રામાં આતંક જમાવે છે.' (પૃ. ૪૫) ઉનાળાનો પ્રભાવ પાથરતાં નિબંધકાર લખે છે : 'ખાટલો ઢાળી સહેજ આડે પડખે થયા અને ક્યાંયથી નિદ્રાદેવી આંખોમાં વસી જાય છે, બપોરે પક્ષીઓ જંપી જાય છે અને અવાજો ઠરી જાય છે પછી પણ આકર્ષણ ગુમાવી બેઠેલા અતિશૂન્ય આખલાની જેમ પડી રહ્યો છે' (પૃ. ૪૯) અહીં ઉનાળાના પ્રભાવ માટે 'રતિશૂન્ય આખલા'ની ઉપમા નિબંધકારની કલ્પનાનો વિશેષ બની રહે છે. ઉનાળાના પ્રભાવ-પ્રતાપની સાથે ઉનાળાનું આશ્ચર્ય પણ છે. જુઓ : 'વસંતના આગમને આકાશ નિરભ્ર બને, એનું સૌંદર્ય કામુકતાને નિમંત્રણ આપે. પુષ્પો પ્રગટે છે – મધુકરો એનાં મધુ પીવા ગુંજારવ કરે છે. આમ્રવૃક્ષોને સારા દિવસો બેસે છે, તેનો ઠસ્સો ભારે છે, કોયલને એની કૂખમાં સંતાડી ટૌકા કરાવે છે, જળમાં સૂતેલી

પોયણીની આંખો ઊઘડી જાય છે. વસંતનાં પગલાં નજીક ને નજીક આવતાં સંભળાય છે. ઉનાળાના તાપથી અકળાયેલી કન્યાઓ વસંતની લહેરોમાં હસી પડે છે. રાજી થઈ જાય છે. અશોકનાં વૃક્ષો પર રાતાં પુષ્પો બેઠાં છે – એ ‘સ્વાગતમ્’નો સૂર પ્રગટાવે છે. અનંગ રાજા જાણે ફરવા નીકળ્યો હોય એવું કામઘેરું વાતાવરણ બની જાય છે, ઉનાળો ત્યારે ક્યાં ઉનાળો રહે છે ?’ (પૃ. ૫૨) અહીં ‘જોગી’ નહીં પણ ‘ભોગી’ ઉનાળાનું આશ્ચર્ય જોઈ શકાય છે. ઉનાળાનું આકરું અને અકારું રૂપ ‘તડકો’માં પણ જોઈ શકાય છે. ‘તડકા’ને નિબંધકાર ‘ગામાત પાડો’ (પૃ. ૫૮) કહીને ઓળખાવે છે. જેમાં તડકાના ‘કામાંધ’ રૂપનો નિર્દેશ મળે છે. નિબંધકાર પોતાના કૅમેરામાં તડકાની તસવીરો ખેંચે છે, જેમાં તડકાનો તિરસ્કાર જ નહીં, આવકાર પણ જોઈ શક્યા છે. જુઓ : ‘તડકાને આવકાર આપનારા કોઈ નથી – એવું સાવ જ નથી... તડકાને ખેતરો આવકારે છે. શેઢા આવકારે છે. વૃક્ષો આવકારે છે, છાંયા આવકારે છે, જળાશયો આવકારે છે, જળ આવકારે છે. તડકાની ભાષાનો ભાવ એ તત્ત્વો સમજી શક્યાં છે, એટલે જ તો ખેતરમાં લહેરાતી બાજરી તડકાને જોઈ શરમાય છે. લજ્જિત બને છે ! એની એ લજ્જામાં – શરમમાં તડકાને આવકારવાનો સંકેત છે.’ (પૃ. ૬૦) અહીં તડકાને આવકારતાં ‘પ્રકૃતિનાં તત્ત્વો’ની ભાષા-ભાવ પામતાં નિબંધકાર પ્રકૃતિમાં ‘માનનીય ભાવો’ ભાળી શકે છે. જે તેમનો પ્રકૃતિ પ્રત્યેનો ‘પાક્કો પ્રેમ’ સૂચવે છે. ‘અષાઢનો પગરવ’, ‘અષાઢની બીજી બાજુ’, ‘શ્રાવણી રંગની જાજમ’, ‘શ્રાવણી છાલક’, ‘ભાદરવો ભરપૂર વહે છે’, ‘ભાદ્રપદની પગલીઓ’, ‘વરસતો વરસાદ’, ‘પાછોતરો વરસાદ’, ‘જળજોગણ’, ‘સ્મૃતિમાં સચવાયેલા ચોમાસાનો સ્વાદ’, ‘વિદાય લેતા વરસાદને એક પત્ર’ વગેરે નિબંધોમાં ‘ચોમાસું’ જૂજવા રૂપે વ્યક્ત થયું છે. ચોમાસાના – અષાઢ, શ્રાવણ, ભાદરવાને જે રીતે ઝીલ્યા – ઝૂલ્યા છે, તેનું ઝૂલણ છે. મેળાઓનો મહિનો ‘શ્રાવણ’ને નિબંધકાર ‘સહાયતાનો ધર્મ’ કહી ઓળખાવે છે. અહીં શ્રાવણના રેલી જતા રૂપને ઝીલવાની – શ્રાવણી છાલકને માણવાની વાત છે. તો ભરપૂર ભાદરવાને નિબંધકાર ‘ચાલાક મહિનો’ (પૃ. ૯૫) કહીને ઓળખાવે છે. એનું આવનજાવન અનિશ્ચિત હોય છે, તેથી જ ને ! ભાદરવામાં શ્રાદ્ધ ભાદરવી પૂનમ, ભાદરવાનો તાપ, ભાદરવાની ભીંડી, ભાદરવાનાં ચાંચડ-માંકડ, જીવ-જીવાત, ઓતરા-ચિતરાનો તાપ, સ્વનસૃષ્ટિની વસંત જેવાં ‘માસ વિશેષ’ સ્મરણોને આલેખે છે. ‘વરસતો વરસાદ’માં વરસાદી દૃશ્યને આરપાર જોવા-જતાવવાનો યત્ન કરે છે. જુઓ : ‘તમે કોઈ કૉલેજ જતી કન્યાને વરસતા વરસાદમાં જોઈ છે ? વરસાદના સ્પર્શથી કન્યામાં થતી પરિવર્તનોની નાજુક નોંધ લીધી છે ? વરસાદ એ તો ધરતી ઉપરનો પ્રેમી છે... વરસતા વરસાદમાં તમે પવનને થંભી ગયેલો જુઓ કે પ્રાણીઓની પાંપણો ઢળેલી જુઓ, ડુંગરાઓને તપ કરતા જુઓ કે ઝાડોને ધ્યાન ધરતા જુઓ તો નવાઈ ન અનુભવશો, એ વરસતા વરસાદને ઝીલે છે. પ્રકૃતિ માત્ર પ્રકૃતિનો સ્વીકાર કરે છે.’ (પૃ. ૧૦૧) અહીં નિબંધકારની પ્રકૃતિ પ્રત્યેની ‘નિસબત’ જોવા મળે છે. આગોતરા વરસાદનાં વધામણાં થાય છે, પણ પાછોતરા વરસાદ પ્રત્યેનું ઓરમાયું વર્તન નિબંધકારની પ્રકૃતિને કઠે છે. જુઓ : ‘પહેલો વરસાદ ઘણી લાંબી પ્રતીક્ષા પછી આવતો હોઈ, એનાં માનપાન સાચવવામાં આપણે મણા રાખતા નથી. ધરતીને સ્નેહથી ભીંજવી કશુંક નવસર્જન કરવાનો યશ પહેલા વરસાદને ફાળે જતો હોય છે, પણ થયેલા સર્જનની સાચવણી અને સંવર્ધન કરવાનું કામ તો પાછોતરા વરસાદને ફાળે જતું હોય છે. પાછોતરો વરસાદ ન હોય તો ? ખેડૂતો પાયમાલ થઈ જાય. ડૂંડામાં બેઠેલા દાણાને પોષવાનું, પકવતાની પરાકાષ્ઠાએ પહોંચાડવાનો યશ પાછોતરા વરસાદને ફાળે જાય છે.’ (પૃ. ૧૦૫) આપણે ઘણી વાર સાંભળીએ છીએ કે ‘આ પાછલા વરસાદે લાજ રાખી છે.’ આમ, અહીં પાછોતરા વરસાદનો ‘ન્યાય’ આલેખાયો છે. નિબંધકાર ઉવેખાયેલાને ઉગાડવા માટે ‘જીવ બાળતા’ રહ્યા છે, એ પણ ‘પ્રકૃતિનું પર્વ’ જ છે ને ! ‘જળજોગણ’ નિબંધમાં ૨૦૦૫ના ચોમાસામાં આવેલા ‘જળસંકટ’ની વાત છે. નિબંધકાર પ્રકૃતિનાં રમ્યરૂપોને જેમ જોઈ શક્યા છે, તેમ રુદ્રરૂપોને પણ બરાબર તાકી શક્યા છે. જુઓ : ‘પવનનો પ્રાસ ખોવાઈ ગયો કે ખોરવાઈ ગયો ? આકાશમાં છિદ્રો તૂટ્યાં કે ધરતીમાં ઝરા ફૂટ્યા ! દિશાઓ તૂટી ગઈ કે જલનિધિના ભંડાર લૂંટાવા માંડ્યા ? સમુદ્રએ માઝા મૂકી કે પ્રાણશક્તિએ પરચો દેખાડ્યો ? જળદેવીએ આમ જોગણનું રૂપ કેમ ધારણ કર્યું ? એ જોગણે ગુજરાતની ભૂમિને ધમરોળી દીધી. જ્યાં જ્યાં સ્થળ હતાં, જ્યાં જ્યાં બંધ હતા, સડકો હતી એ બધાને પોતાના અસ્તિત્વની ઓળખ ભૂંસીને એ જળજોગણ એવી તો ગાંડી થઈ કે એણે પોતાના કેશ છુટ્ટા મેલી દીધા !’ (પૃ. ૧૦૯-૧૧૦) પ્રકૃતિની પ્રાણશક્તિનો પ્રચંડ આક્રોશ અહીં લખાયો છે. કુદરત ક્યારેક આશ્ચર્ય તો ક્યારેક પ્રશ્નાર્થ દ્વારા તેની ‘લીલા’ને રજૂ કરે છે, તેવો સંકેત નિબંધકાર આપે છે. ‘કુદરતનો રંગ અને જિંદગીની ડિઝાઇન’માં ૨૦૦૧માં કચ્છ-ગુજરાતમાં આવેલા ભૂકંપની ભયાનકતા છે, તો એ ભૂકંપની સંહારલીલામાં ક્યાંક શ્રદ્ધાના ચમત્કારો પણ જોવા મળ્યા છે. રામ રાખે તેને કોણ ચાખે ? એવી સબળ શ્રદ્ધાના દર્શન રજૂ કરતાં નિબંધકાર લખે છે : ‘ભૂજમાં ભૂકંપ થયો અને ત્રણસો કિલોમીટર એની ખાનાખરાબી થઈ. હજારો કિમી સુધી એના આંચકા અનુભવાયા અને બે કિલોમીટર દૂર માધાપરમાં કશું થયું નહિ. શા માટે ? એક પથ્થર જ પડ્યો અને માણસ મૃત્યુ પામ્યો અને આખા મકાનનો કાટમાળ એના ઉપર પડ્યો અને દસ દિવસે કોઈ માણસ જીવતો નીકળ્યો ! મોટા મોટા શક્તિશાળીઓ ‘સ્વાહા’ થઈ ગયા અને કોઈક માસૂમ બાળક બચી ગયું.’ (પૃ. ૯૪) કુદરતની લીલા અપરંપાર છે, એવું અહીં સૂચવાય છે.

આમ, ‘પ્રકૃતિપર્વ’ના સમગ્ર નિબંધોમાંથી પ્રકૃતિનાં તત્ત્વોને અનુભવતા – આલેખતા નિબંધકારનો ‘હું’ પણ ઊઘડતો રહ્યો છે. અહીં ‘હું’ હળવો થઈને ઊઘડ્યો છે, ત્યારે વાચકને હળવી ગોઠડીનો અનુભવ પણ થાય છે. પણ એ જ ‘હું’ આત્મા-પરમાત્મા-આધ્યાત્મિક ઊંચાઈ ઉપર બેસીને વ્યક્ત થયો છે, ત્યારે વાચક પણ ભારેખમ બની જાય છે. ભગીરથભાઈના ‘પ્રકૃતિપર્વ’ના આ નિબંધોમાં કૃતકતા ઓછી, પ્રાસાદિકતા વધુ મળે છે. તેથી જ આ નિબંધો હાથવગા ન રહેતાં, હૈયાવગા બની શક્યા છે.‘

‘પ્રકૃતિપર્વ’ના નિબંધોમાં નિબંધકારનું કુતૂહલ પણ ઉલ્લેખનીય બની રહે છે. નિબંધકારની આંખમાં રહેલું વિસ્મયનું વિશ્વ અને વિશ્વનું વિસ્મય વાચકની આંખમાં ‘અચંબો’ આંજે છે. જુઓ :

S ‘કીડી ક્યાંથી લાવે છે સરનામું ! કેવી રીતે પામે છે આહારકણ !’ (પૃ. ૬)

S ‘કાળઝાળ લૂ ઝરતા પ્રકોપી દિવસો સૂનકાર અનુભવે છે. આવા ઉનાળામાં લીલાછમ દેખાતા લીમડાને મારે પૂછવું છે કે તારી લીલીછમ ઘટાનું રહસ્ય શું છે ?’ (પૃ. ૪૬)

S ‘ચકલીઓ અને કાગડાઓ આ વરસતા વરસાદમાં શું કરતાં હશે ? પંખીઓ ક્યાંથી ખોરાક મેળવતાં હશે ? કીડીઓ જે માટીમાં દર બનાવે છે, એ દર આ વરસાદમાં પુરાઈ જતાં હશે ને ! એનાથી કીડીઓનું શું થતું હશે ? એવું જ મંકોડાઓનું.... દરમાં રહેતાં બધાં જ

જંતુઓનું... સાપના દરમાં પાણી પ્રવેશી ગયા પછી સાપ ક્યાં જતો હશે ? સાપનું શું થતું હશે ?' (પૃ. ૧૦૦)

S 'પંખીઓ ચોમાસામાં શું કરતાં હશે ?' (પૃ. ૧૧૭)

S 'વરસાદ ખૂબ વરસતો હોય ત્યારે કીડી, મંકોડાનું શું થતું હશે ? કીડીના દરમાં પાણી ભરાઈ જાય ત્યારે કીડીઓ કેવી વેદના અનુભવતી હશે ?' (પૃ. )

નિબંધકારના સર્જકકર્મને રજૂ કરતાં કેટલાંક વાક્યો –

(૧) આકાશ એક બિલોરી કાચ છે. (પૃ. ૬)

(૨) નિર્દોષ બાળકના હાસ્ય જેવું ઝરણાનું જળ. (પૃ. ૭)

(૩) અંધારું એ નિરાકાર છે. એને આંખો ફૂટે છે ત્યારે પ્રભાતિયું થાય છે. અંધારાના ચહેરા ઉપર પણ ઉજાસનાં પુષ્પો પ્રગટતાં હોય છે. (પૃ. ૮)

(૪) રોટલો આરોગતા ભિક્ષુકો રોટલો જ નહિ, છાંયો પણ આરોગે છે. (પૃ. ૧૯)

(૫) પવન પણ આકર્ષણ ગુમાવી બેઠેલા રતિશૂન્ય આખલાની જેમ પડી જાય છે. (પૃ. ૪૬)

(૬) શિયાળાની સવારનો કૂણો તડકો મૂળા જેવો મીઠો લાગે છે. (પૃ. ૩૬)

(૭) પહેલો વરસાદ અષાઢની નાભિમાંથી નીકળતો હોય છે. (પૃ. ૭૧)

'પ્રકૃતિપર્વ'ના નિબંધોમાંથી પસાર થયા પછી – કેટલીક સાવધાની પણ રાખવા જેવી હતી, તેવું લાગે છે. 'પ્રકૃતિપર્વ'માં એકના એક વિષય ઉપરના અનેક નિબંધો છે. એ બધા જ 'એક નિબંધ' બની શક્યા હોત તો વધુ સારું થાત. તો ક્યાંક ક્યાંક હળવી વાત આત્મા-પરમાત્મા-અધ્યાત્મની ઊંચાઈ પર પહોંચી જાય છે, ત્યારે પણ વાચક તો 'ભૂતળ ભક્તિ' જ માગતો હોય છે. (પૃ. ૪૦, ૪૪, ૬૩, ૬૯.) ટાળ્યાં ટળે એવાં પુનરાવર્તનો પણ અહીં મળે છે, જે પુસ્તક રૂપે મૂકતાં અચૂક ટાળવા જ જોઈએ. (પૃ. ૨૬, ૪૬, ૪૯, ૩૨, ૫૦, ૭૩) તો, 'નાભિ' શબ્દનો વારંવારનો વિનિયોગ (પૃ. ૩૦, ૬૯, ૭૧, ૭૭, ૮૦) પણ કઠે છે

'પ્રકૃતિપર્વ'ના નિબંધકાર ભગીરથ બ્રહ્મભટ્ટ પાસે સંવેદના છે, અનુભવોનું ભીતરી ભાથું છે, હળવા હાથે લખાતું ગદ્ય છે.